RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 26 * Date: 15.11.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દિલ્હીમાં હવા થઈ ઝેરી, શ્વાસ લેવામાં મુશ્કેલી





દિલ્હીમાં એર ક્વોલિટી ગંભીર કેટેગરીમાં પહોંચી ગઈ હતી અને એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦૦ને પાર કરી ગયો હતો. ગુરુવારે સવારે ૬ વાગ્યે દિલ્હીના ૩૧ વિસ્તારોમાં પ્રદૂષણ અત્યંત ખરાબ કેટેગરીમાંથી ગંભીર કેટેગરીમાં પહોંચી ગયું હતું.રાજધાનીમાં પણ ઠંડી શરુ થઈ ગઈ છે. ગાઢ ધુમ્મસના કારણે બુધવારે સવારે ૮ વાગ્યેૈંએરપોર્ટ પર શૂન્ય વિઝિબિલિટી હતી, જ્યારે કેટલીક જગ્યાએ વિઝિબિલિટી ૧૨૫ થી ૫૦૦ મીટરની વચ્ચે હતીગાઢ ધુમ્મસના કારણે બુધવારેૈંએરપોર્ટ પર ૧૦ ફ્લાઈટને ડાયવર્ટ કરવી પડી હતી. જેમાંથી ૯ને જયપુર અને ૧ને લખનૌ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. સવારે સફદરજંગમાં વિઝિબિલિટી ૪૦૦ મીટરની આસપાસ હતી. ધુમ્મસના કારણે દ્ગૐ-૨૪, ધૌલા કુઆં, રિંગ રોડ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.આગળ શું: ખૂબ ગાઢ ધુમ્મસ આ રાજ્યોને આવરી લેશે યુપી અને પંજાબમાં ૧૫મી નવેમ્બર સુધી અને હિમાચલમાં ૧૮મી નવેમ્બર સુધી રાત્રિ અને સવારના સમયે ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસ રહેશે. હરિયાણા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડમાં ૧૬ નવેમ્બર સુધી ધુમ્મસની સંભાવના છે. મહારાષ્ટ્રના વિદર્ભમાં બુધવારે લઘુત્તમ લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.ધુમ્મસના કારણે અકસ્માત: ૯ વાહનો અથડાયા, ૧ યુવકનું મોત હરિયાણાના રોહતકમાં વિઝિબિલિટી ઘટીને ૨૦ મીટર થઈ ગઈ હતી. જેના કારણે ઘણી ટ્રેનો મોડી પડી હતી. ૫ જગ્યાએ અકસ્માતમાં ૯ વાહનોને નુકસાન થયું હતું. પંજાબના ટ્રક ડ્રાઈવર ધર્મેન્દ્રનું કૈથલમાં મોત થયું હતું.દિલ્હીમાં ઠંડીનો અહેસાસ: લઘુત્તમ તાપમાનમાં ઘટાડો હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હી એનસીઆરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે, જેના કારણે લોકોએ ઠંડીનો અહેસાસ કર્યો છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૩૦-૩૩ઝ અને ૧૪-૧૮ઝ વચ્ચે છે. પાટનગરમાં આગામી કેટલાક દિવસો સુધી આ પ્રકારનું વાતાવરણ રહેશે. દિલ્હીવાસીઓને સ્મોગ અને પ્રદૂષણના બેવડા ફટકાનો સામનો કરવો પડી શકે છે.ડોક્ટરે કહ્યું- સ્કૂલ પ્રશાસને બાળકો પર ધ્યાન આપવું જોઈએ ઈસ્ન્હોસ્પિટલના સિનિયર મેડિસિન સ્પેશિયાલિસ્ટ ડૉ. રમેશ મીના કહે છે કે સવારે છ્રૈં લેવલ ખૂબ વધુ હોય છે અને આ તે સમય છે જ્યારે બાળકો સ્કૂલે જાય છે. નાના બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે અને તેમને ઉધરસ, છીંક, શરદી, ઉલટી, આંખમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ થવા લાગે છે.આવી સ્થિતિમાં સ્કૂલ પ્રશાસને બાળકો પર ધ્યાન આપવું જોઈએ. જો કે, ગયા વર્ષે, જ્યારે દિલ્હીમાં છઊૈં સ્તર ૪૫૦ને પાક ગયું હતું, ત્યારે દિલ્હી સરકારે ૯ થી ૧૮ નવેમ્બર સુધી સ્કૂલો બંધ કરી અને ઑનલાઈન વર્ગો શરૂ કર્યા હતા.દિલ્હીમાં પ્રતિબંધ છતાં ફટાકડા ફોડવામાં આવ્યા દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (ઙ્ઘઁઝઝ) એ ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો હતો.

## મારા શરીરમાં ફેરફાર આવ્યો છે પરંતુ મારું વજન નથી ઘટ્યું: ખરાબ તબિયત મુદ્દે સુનિતા વિલિયમ્સે અંતરીક્ષથી આપ્યો જવાબ



ભારતીય મૂળના અમેરિકન અવકાશ યાત્રી સુનિતા વિલિયમ્સે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર વજન ઘટવાને લઈને આવી રહેલા રિપોર્ટ પર પ્રથમ વખત જવાબ આપ્યો છે. સુનીતા વિલિયમ્સના વજનને લઈને ત્યારે ચર્ચા શરૂ થઈ જ્યારે તેના નબળા રૂપની તસવીરો સામે આવી. આ તસવીરોમાં તે પહેલા કરતા ખૂબ નબળી અને દુબળી દેખાઈ રહી હતી, ત્યારબાદ ઝડપથી તેમનો વજન ઘટી રહ્યો હોવાની ચિંતા વધી ગઈ હતી. હવે નાસાના અવકાશયાત્રીએ પ્રથમ વાર આ સમાચારો અંગે પોતાનું મૌન તોડ્યું છે.વજન ઘટી જવાની ચિંતા વચ્ચે સુનિતા વિલિયમ્સનું નાસા સાથેનું એક ઈન્ટરવ્યુ આવ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છે કે, 'મને લાગે છે કે મારા શરીરમાં થોડો ફેરફાર થયો છે, પરંતુ મારું વજન એટલું જ છે.' સુનિતા વિલિયમ્સ આ જ વર્ષે ૮ દિવસના મિશન પર અંતરિક્ષમાં ગઈ હતી, પરંતુ ૧૫૦ દિવસ વીતી ગયા છતાં તે પરત નથી ફરી શકી. સુનિતા વિલિયમ્સે કહ્યું કે, 'અહીં (સ્પેસ સ્ટેશન પર) ઘણા બધા ફેરફારો થતાં રહે છે.

## પ્રિયાંશુ હત્યા કેસ : આરોપી કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહને ઘટનાસ્થળે લઈ જઈ પોલીસે કર્યું રિકન્સ્ટ્રક્શન

અમદાવાદ શહેરના બોપલમાં પાંચ દિવસ પહેલા વાહન ચલાવવા અંગે ઠપકો આપવાની સામાન્ય બાબતમાં માઈકાના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈનની હત્યા કેસની તપાસમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચે આરોપી વિરેન્દ્રસિંહ પઢેરિયાની પંજાબથી ધરપકડ કરાઈ હતી. ત્યારબાદ તેને અમદાવાદ લવાયો હતો. આ કેસમાં પોલીસે આરોપી પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. આ દરમિયાન તેને ચાલવામાં પણ ફાંફાં પડતા હોવાનું નજરે પડી રહ્યું છે. હત્યારાની આંખમાંથી આંસુ નીકળ્યા હતા.જણાવી દઈએ કે, પ્રિયાંશુની હત્યા કેસમાં સંડોવાયેલો આરોપી વિરેન્દ્રસિંહ પઢેરિયા સરખેજ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરે છે. હત્યાની રાત્રે તેણે દારૂના નશામાં હુમલો કર્યો હતો. બાદમાં તે પોલીસથી બચવા માટે ફરવાના બહાને તેના મિત્રની કાર લઈને પંજાબ તરફ ફરાર થઈ ગયો હતો.અમદાવાદ શહેરના શેલા વિસ્તારમાં આવેલા એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ માઈકામાં અભ્યાસ કરતો



પ્રિયાંશુ જૈન તેના મિત્ર સાથે રવિવારે રાત્રે બાઈક પર પરત જતો હતો. ત્યારે રેઈન ફોરેસ્ટ ચાર રસ્તા પાસે પુરઝડપે જતી કારના ચાલકને પ્રિયાંશુએ ઠપકો આપીને ધીમે ચલાવવાનું કહેતા કારચાલકે ઝપાઝપી કરીને તેને પડખામાં છરીના ઘા માર્યા હતા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખ થી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૬૮ કરોડ
જનસંખ્યાને

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત નવેમ્બર - ૨૦૨૪ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

વિશેષ નોંધ : બાજરી/જુવારનો જથ્થો જે દુકાનમાં ઉપલબ્ધ હશે તે દુકાન પરથી મળવાપાત્ર છે.
બાજરી/જુવારનો જથ્થો પૂર્ણ થયા બાદ, બાજરી/જુવારની અવેજીમાં ઘઉં મળવાપાત્ર છે.

નવેમ્બર - ૨૦૨૪ માસનું વિતરણ
તારીખ: ૦૧/૧૧/૨૦૨૪ થી ૩૦/૧૧/૨૦૨૪ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની ખાંડ, મીઠું, ચણા, અને તુવેરદાળના
રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૨ | તુવેર દાળ (ઉપલબ્ધિ મુજબ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ખાંડ (ઉપલબ્ધિ મુજબ) | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

નોંધ : ખાદ્યતેલ જે દુકાન પર ઉપલબ્ધ હશે તે દુકાનેથી પ્રતિ કાર્ડ ૧ લિ. પાઉચ રૂા. ૧૦૦ના ભાવે મળવાપાત્ર છે.

ઈ શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લીકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લીકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

**તંત્રી સ્થાનેથી..**

## ક્લાયમેટ ચેન્જની અસરથી કાશ્મીરમાં સફરજન, કેસરના ઉત્પાદન પર અસર

મુંબઈ : ક્લાયમેટ ચેન્જને કારણે કાશ્મીરના મુખ્ય પાક સફરજન તથા કેસરના ઉત્પાદન પર પ્રતિકૂળ અસર જોવા મળી રહી છે. ક્લાયમેટ ચેન્જને કારણે કાશ્મીરમાં વરસાદની માત્રામાં ઘટાડો થઈ રહ્યો છે. પ્રાપ્ત આંકડા પ્રમાણે કાશ્મીરમાં કેસરનું ઉત્પાદન જે ૧૯૯૭-૯૮માં અંદાજે ૧૬ ટન રહ્યું હતું તે ૨૦૨૧-૨૨માં ઘટી માત્ર ૩.૪૮ ટન પર આવી ગયું હતું. કેસરની ખેતીની માત્રા પણ ૫૭૦૦ હેકટર પરથી ઘટી ૩૭૦૦ હેકટર પર આવી ગઈ હતી. કેસરના પાકને પૂરતી માત્રામાં વરસાદની આવશ્યકતા રહે છે, પરંતુ ઉનાળામાં લાંબો સમય સુધી વરસાદ ખેંચાઈ જતા પાકમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આવી જ સ્થિતિ સફરજનના પાક પર પણ જોવા મળી રહી છે.ભારતમાં સફરજનનું ૮૦ ટકા ઉત્પાદન કાશ્મીરમાં થાય છે, પરંતુ હીટવેવ્સ તથા વહેલા સ્નોફોલને કારણે તેના પાક પર અસર પડી રહી છે. જમ્મુ અને કાશ્મીરમાં સફરજનું બજાર કદ અંદાજે રૂપિયા ૮૦૦૦ કરોડ જેટલું છે. તાજેતરમાં હિટવેવ્સને કારણે સફરજનના રંગ, કદ તથા એકંદર વિકાસ પર અસર પડી છે જેને કારણે તેના બજાર મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે. સારી ગુણવત્તાના સફરજનની ઉપજ અહીં ઘટી રહી હોવાનું બાગાયતી વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

# ગુજરાત વિધાનસભા ખાતે પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૫મી જન્મજયંતી નિમિતે પુષ્પાંજલિ અપાઇ





ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે બુદ્ધિશાળી વ્યક્તિત્વ, કોમળ હૃદય અને નિખાલસ સ્વભાવ જેવા ગુણો ધરાવતા પંડિત જવાહરલાલ નહેરુની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ શ્રી ચેતન પંડ્યાએ ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ અવસરે ચાચા નહેરુના વ્હાલા એવા બાળકો, વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ પંડિત જવાહરલાલ નહેરુને પુષ્પાંજલિ આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પંડિત જવાહરલાલ નહેરુનો જન્મ તા.૧૪મી નવેમ્બર, ૧૮૮૯ ના રોજ અલ્લાહાબાદ મુકામે થયો હતો. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ બાળકોના પ્યારા હોવાથી તેમના જન્મદિનની બાળદિન તરીકે પણ ઉજવણી કરવામાં આવે છે. તેમણે સને ૧૯૪૭ થી ૧૯૬૪ દરમિયાન ભારતના વડાપ્રધાન રહી ભારતની શાન દુનિયાભરમાં વધારી, પંચશીલના સિદ્ધાંતો આપ્યા હતા. વ્યક્તિત્વનો વૈભવ, બુદ્ધિની તેજસ્વિતા, હૃદયની કોમળતા જેવા અમૂલ્ય ગુણોનો સંગમ ધરાવતું વ્યક્તિત્વ, બિનજોડાણવાદી નીતિ, અણુયુગનો સમન્વય, પંચવર્ષીય યોજના તેમની દેણ હતી. ઝડપી આર્થિક વિકાસ દ્વારા સામાજિક ન્યાય હાંસલ કરવા, સંપત્તિની ન્યાયિક વહેંચણી કરવા અને સમાનતા વધારવા તેમણે અથાગ પ્રયત્નો કર્યા હતા.

## ગાંધીનગરના પશુપાલકો વીમા કંપનીને માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમીયમ ચૂકવીને પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકશે



ગાંધીનગર જિલ્લાના પશુપાલકો વીમા કંપનીને માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમીયમ ચૂકવીને પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકશે. આ માટે ગુજરાત પશુધન વિકાસ બોર્ડ ઔંઔં લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો માટે આઈ-ખેડૂત પોર્ટલ આજ તા. ૧૪ નવેમ્બરથી એક મહિના સુધી ખુલ્લું મુકવામાં આવશે.ગાંધીનગર જિલ્લાના પશુપાલકો વીમા કંપનીને માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમીયમ ચૂકવીને પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકશે. આ માટે ગુજરાત પશુધન વિકાસ બોર્ડ ઔંઔં લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. જે અન્વયે પ્રતિ પશુપાલક ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે સહાય અપાશે.રાજ્યના પશુપાલકોના વ્યાપક હિતને ધ્યાને લઈ રાજ્ય સરકારે ચાલુ વર્ષે રૂ. ૨૩ કરોડની બજેટ જોગવાઈ સાથે પશુધન વીમા સહાય યોજના અમલમાં મૂકી છે. પશુમૃત્યુના સંજોગોમાં પશુપાલકોને થતા આર્થિક નુકશાન સામે રક્ષણ પૂરું પાડવાના શુભ આશયથી સરકારે આ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો લાભ મેળવીને પશુપાલક વીમાની રકમમાંથી નવુ પશુ ખરીદીને પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકશે.

ઉલ્લેખનીય છે કે, પશુપાલકોને પશુ વીમા લેવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદેશ્ય સાથે ભારત સરકારના નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ પણ પશુપાલકોને વીમા પ્રીમીયમમાં સબસીડી ચૂકવવામાં આવે છે. ભારત સરકારના નેશનલ લાઈવસ્ટોક મિશન (દ્વન્સ) અને રાજ્ય સરકારની પશુધન વીમા સહાય યોજનાને વધુ અસરકારક બનાવવા માટે ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અનેં ઔંઔં લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વચ્ચે રૈં કરવામાં આવ્યું છે.આ પ્રસંગે પશુપાલન મંત્રીએ કહ્યું હતું કે, પશુધન વીમા યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો ઓનલાઈન અરજી કરી શકે તે માટે આજ તા. ૧૪નવેમ્બરથી આગામી એક મહિના સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવશે.

## ગાંધીનગરના બહીયલમાં ધમધમતા ગેરકાયદેસર કતલખાનામાંથી ૭ જીવિત વાછરડાંનો બચાવ




ગાંધીનગરના બહીયલ ગામમાં રહેણાંક મકાનમાં ધમધમતા ગેરકાયદેસર કતલખાના પર પોલીસે દરોડો પાડીને ૭ જીવિત વાછરડા, ૧૫૦ કિલો ગૌમાંસ તેમજ પશુઓનાં કતલ માટેના સાધનો મળીને કુલ રૂ. ૮૦ હજારથી વધુ નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કસાઈની ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહીયલ ગામે ખાડામાં રહેતા તાલીબભાઈ રસુલભાઈ સિપાઈ પોતાના રહેણાંક મકાનમાં મળતીયાઓ સાથે મળી ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી પશુઓના શરીરમાંથી ગૌમાંસ છૂટુ પાડી રહ્યો હોવાની બાતમી દહેગામ પોલીસને મળી હતી. જેનાં પગલે વાહનો દૂર મૂકીને ચાલતાં ચાલતાં પહોંચીને બાતમી વાળી જગ્યાએ દરોડો પાડયો હતો. પરંતુ અગાઉથી દરોડાની જાણ થઈ ગઈ હોય એમ કસાઈ તાલીબ સિપાઈ પોલીસ પહોંચે એ પહેલાં જ નાસી છુટયો હતો. બાદમાં પોલીસે કતલખાને પહોંચી તપાસ કરતા વાછરડા કતલ કરેલ હાલતમાં જોવા મળ્યા હતા. જ્યારે ફ્રીજમાંથી માંસ ભરેલું પોટલું મળી આવ્યું હતું. આથી તાત્કાલિક સ્થાનીક પશુ ચિકિત્સાલયના તબીબને સ્થળ પર બોલાવી માંસનું પરીક્ષણ કરાવતા ગૌમાંસ હોવાનું પુરવાર થયું હતું.

બાદમાં પોલીસે કતલખાનાની વધુતલાશી લેતાં નાના મોટા સાઈઝના છરા નંગ-૬, વજન કાંટો, કુહાડી સહિતનો સામાન મળી આવ્યો હતો. જ્યારે રહેણાંક મકાનની બહારથી ૭ જીવિત વાછરડાં પણ મળી આવ્યા હતા.

**ઉદ્યોગ સાહસિકતા, કળા, હસ્તકલા અને સંસ્કૃતિનું હબ એટલે કચ્છ રણોત્સવ**

# કચ્છ રણોત્સવ ૨૦૨૪નો પ્રારંભઃ ૨૮ ફેબ્રુઆરી સુધી લાખો પ્રવાસીઓ રણના રંગો માણશે; ટેન્ટ સિટી, ૨૦થી વધારે એક્ટિવિટી, લાઈટ એન્ડ સાઉન્ડ શો બનશે આકર્ષણનું કેન્દ્ર







ગાંધીનગર, ૧૪ નવેમ્બરઃ ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ છેલ્લાં ૨૦ વર્ષમાં ખૂબ આગળ વધ્યો છે. ભૌગોલિક વિવિધતા ધરાવતા ગુજરાતમાં એવા અનેક સ્થળો આવેલા છે, જે વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે. ખાસ તો, વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટા અને ભૂકંપ જેવી કુદરતી આફતમાંથી બેઠા થયેલા કચ્છ જિલ્લામાં આવેલા વિશ્વના એકમાત્ર સફેદ રણને જોવા માટે પ્રવાસીઓના ટોળેટોળાં ઉમટે છે. એક સમયે જે રણની ઓળખ એક ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે ચાર મહિના સુધી રણનો ઉત્સવ એટલે કે રણોત્સવ ઉજવાય છે. આ વર્ષે રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. કચ્છની કળા, ભાતીગળ સંસ્કૃતિ, મહેમાનગતિ, પરંપરા, સંગીતનો સંગમ ધરાવતા કચ્છ રણોત્સવને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે તેનો શ્રેય ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જાય છે. તેમણે ૨૦૦૫માં શરૂ કરેલા કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે તે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું પણ માધ્યમ બન્યું છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગોઝારા ભૂકંપ બાદ કચ્છની તસ્વીર સંપૂર્ણપણે બદલવાનો દ્રઢ સંકલ્પ લીધો અને આ ભૂમિને પુનર્જીવિત કરવાના મિશનને સાકાર પણ કર્યું. આમાં કચ્છના સફેદ રણમાં શરુ થયેલા રણોત્સવે મહત્વનો ભાગ ભજવ્યો. તેમણે ચમકતા સફેદ રણની અનંત ક્ષિતિજો જોતાં આ જગ્યાએ વિશ્વનો સૌથી મોટો અને એકમાત્ર સફેદ રણનો ઉત્સવ- 'કચ્છ રણોત્સવ' ઉજવવાનું નક્કી કર્યું. ભુજથી ૮૦ કિમીના અંતરે આવેલા ધોરડો ખાતે ત્રણ દિવસીય રણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી, જે આજે ૪ મહિનાનો લાંબો ઉત્સવ બની ચૂક્યો છે.

આ વર્ષે રણોત્સવના આયોજનમાં ટકાઉ પ્રવાસન (સસ્ટેનેબલ ટુરિઝમ) પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેમ કે, પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ, સફેદ રણમાં જવા માટે બાઈસિકલ રાઈડ, ટેન્ટ સિટીમાં વેસ્ટ સેગ્રીગેશન અને ડિસ્પોઝલની વ્યવસ્થા કરવામાં આવી છે. રણોત્સવની સાથે-સાથે કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત પ્રવાસીઓ લઈ શકે તે માટે અલગ અલગ ટ્રાવેલ આઈટિનરી પણ ઉપલબ્ધ થશે.

રણોત્સવનું મુખ્ય આકર્ષણ ટેન્ટ સિટી છે. આ વર્ષે પ્રવાસીઓ માટે સફેદ રણમાં ૩-સ્ટાર હોટલ/રિસોર્ટ જેવી સુવિધાઓથી સજ્જ ૪૦૦ જેટલા ટેન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે. આ વર્ષે ૧૧ નવેમ્બરથી ટેન્ટ સિટીની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. ટેન્ટ સિટીમાં રહીને પ્રવાસીઓ મીઠાના સફેદ રણનું અદ્ભુત કુદરતી સૌંદર્ય, લોકસંસ્કૃતિ તેમજ પરંપરાગત ભોજનનો આનંદ માણે છે. રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી વિથ ફન/નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સફેદ રણના વૉચ ટાવર ઉપર લાઈટ એન્ડ સાઉન્ડ શૉનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેથી મુલાકાતીઓ માટે નવું આકર્ષણ ઉમેરાયું છે. તો આ વર્ષે પ્રવાસન વિભાગ દ્વારા ધોળાવીરા ખાતે પણ ધોરણે ૪૪ રૂમ સાથેના રિસોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. રણોત્સવની શરૂઆત થઈ ત્યારથી દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ના રણોત્સવમાં ૮૫૨ વિદેશી સહિત ૭.૪૨ લાખ પ્રવાસીઓ આવ્યા હતા.રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના કારણે સ્થાનિક લોકો, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રના લોકો માટે આવકનો નોંધપાત્ર સ્ત્રોત ઊભો થયો છે. રણોત્સવ થકી રોગાન કળા, ઓરીભરત, મીનાકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, બાંધણી, જરદોશી કળા, કાષ્ઠકળા વગેરેમાં પારંગત કારીગરોને રોજગારી તો મળે જ છે, સાથે કચ્છી હેન્ડિક્રાફ્ટ્સના કલાકારોને પોતાની કલાકૃતિઓને વેચવા માટે એક વૈશ્વિક બજાર મળે છે. સ્થાનિક કારીગરોને રોજગાર મળે તે હેતુથી ટેન્ટસિટીમાં હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટના લાઈવ ડેમોની સાથે દુકાનોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, રણોત્સવ ખાતે દરરોજ કલ્ચરલ શૉ રાખવામાં આવ્યા છે જ્યાં સ્થાનિક કલાકારોને મંચ પૂરું પાડવામાં આવશે. ૨૦૨૩-૨૪ના રણોત્સવમાં અંદાજિત ૨ લાખ લોકોએ ક્રાફ્ટ સ્ટોલ અને ફૂડ સ્ટોલની મુલાકાત લીધી હતી, જેના દ્વારા ક્રાફ્ટ સ્ટોલ ધારકોને અંદાજિત ?૬.૯૫ કરોડ અને ફૂડ સ્ટોલ ધારકોને અંદાજિત ?૧.૩૬ કરોડની આવક થઈ હતી. આ વર્ષે ક્રાફ્ટ સ્ટોલ અને ફૂડ સ્ટોલની શરૂઆત ૧ ડિસેમ્બર ૨૦૨૪થી થશે.

ધોરડો ટેન્ટ સિટી ખાતે દર વર્ષે જુદી-જુદી થીમ પર રણોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે રણ કે રંગ નામની થીમ પર રણોત્સવ યોજાઈ રહ્યો છે. દિવસે અને રાત્રે ચમકતા રણનો અદ્ભુત નજરો જોઈને પ્રવાસીઓ અચરજ પામે છે. ધોરડો ગામને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજનો પણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન થકી છેલ્લાં ૨ દાયકામાં સરહદી જિલ્લો કચ્છ ટુરિઝમ ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચ્યો છે અને અહીંનો રણોત્સવ પ્રવાસીઓ માટે હોટ ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**Nog SS No-162**
વિષય- તુલસી વિવાહ
પ્રકાર - પધ, શબ્દ -૫૫
શીર્ષક - મારે આંગણાની તુલસી

મારે આંગણીયે તુલસીનો ક્યારો
તુલસીને ક્યારે રુડા રામ રમે
રુડા રામ રમે એ તો સૌ ને ગમે

એ તો સૌ ને ગમે શંકરદેવ ને ગમે
શંકરદેવને ગમે તેની દેડી પરણે
તેની દેડી પરણે તીયા સમરો ઢળે
તીયા સમરો ઢળે મોર મોતી ચણે

મોર મોતી ચણે ઢેલુ ઢુંગે વળે
ઢેલુ ઢંગે વળે પાર્વતીજીને ગમે
પાર્વતીજી ને ગમે તેની તુલસી પરણે

મારે આંગણીયે તુલસી નો ક્યારો
તુલસી ને ક્યારે રુડા રામ રમે
રુડા રામ રમે એ તો સૌ ને ગમે
એ તો સૌ ને ગમે તીયા સમરો ઢળેપ

રેખા નાકરાણી . નવી મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષય: તુલસી વિવાહ
શીર્ષક: તુલસી પૂજન
પ્રકાર: પદ્ય શબ્દો:૮૭

આવ્યો શુભ દિવસ આજ એકાદશીની રાત, શાલીગ્રામની સાથે પરણે તુલસી માત.

વૃંદારૂપમાં જન્મી લક્ષ્મી મયદાનવના ઘેર,
જલંધર સાથે વિવાહ થયો વૃંદા પતિભક્ત પેર.

બીજા જન્મે બની તુલસી વિષ્ણુ બન્યાં શાલીગ્રામ,
બંનેના વિવાહ થયા ચારે બાજુ ગૂંજ્યુ નામ.

કાર્તિક શુક્લ એકાદશી તુલસી પૂજન થાય, શાલીગ્રામના રૂપમાં વૃંદા સાથે વિવાહ થાય.

દેવ પ્રબોધિની એકાદશી પવિત્ર મનાય,
શુભકાર્ય ની શરૂઆત આ દિવસથી થાય.

'પ્રેમ' ઘર? આંગણને રંગોળી પુરી સજાવીએ, તુલસી વિવાહનો પ્રસંગ મનાવીએ.

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ' આદરીયાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S No:168**
વિષય: તુલસી વિવાહ
શીર્ષક: અમ આંગણે તુલસી વિવાહ
પ્રકાર: ગદ્ય સંખ્યા:૨૭૦
અમ આંગણે તુલસી વિવાહ

હિન્દુ પ્રાચીનકાળથી ધાર્મિક સંસ્કૃતિ મુજબ તુલસી વિવાહની પરંપરા ચાલી આવી છે.જે એક કથા રૂપે પ્રચલિત છે.હિન્દુ કેલેન્ડર મુજબ તુલસી વિવાહ કારતક મહિનાનાં શુક્લ પક્ષમાં ઉજવવામાં આવે છે. જે આ વખતે ૧૩ નવેમ્બર ૨૦૨૪ ના રોજ ઉજવવામાં આવશે. આ દિવસે માતા તુલસીનાં લગ્ન ભગવાન શાલીગ્રામ સાથે કરવામાં આવે છે. તુલસી વિવાહ વિશે એવું માન વામાં આવે છે કે જે વ્યક્તિ તુલસી વિવાહની વિધિ કરે છે તેને કન્યાદાન કર્યા જેટલું પુણ્ય મળે છે.

તુલસી વૃક્ષને શણગાર કરીને સજાવવામાં આવે છે. ભારતમાં આવેલ અલગ અલગ પ્રાંતના લોકો ઢોલ નગારા સંગીત સહનાઈ સાથે લગ્ન ગીત ની જેમ તુલસી વિવાહના લોકગીતો ગાતાં હોય છે.માતા તુલસીનાં છોડને માન સન્માન સાથે સૌજન્ય પુજે છે. હિન્દુ જન સમુદાય પોતપોતાનાં આંગણે તુલસીનો છોડ વાવી એક આધ્યાત્મિક લાગણી અનુભવતાં હોય છે. તુલસી નો છોડ એક લક્ષ્મી તરીકે પણ પૂજાય છે. માતા તુલસીનાં છોડની અદ્ભુત મહિમાં છે કે,' જે ઘરમાં તુલસી નું છોડ હોય તે ઘરમાં લક્ષ્મીનો વાસ હોય છે, એવું કહેવાય છે.' અને તે ઘર રોગ રહિત હોય છે.

અને આજકાલ તો સારા સારા પ્રસંગોમાં, વીઆઈપી પ્રસંગોમાં તુલસીનો છોડ ભેટ આપવામાં આવે છે.

તુલસી ના છોડ નું મહત્વ:- ?તુલસીનાં છોડને આયુર્વેદિકમાં એક દવા ની ઔષધી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. શરદી તાવ કફ દમ (ફ્રજંરદ્બફ્ર) જેવાં અનેક રોગોનાં તુલસી ટેબલેટ અને તુલસી સિરપ તરીકે ડોક્ટરો પીસ્ક્રિપ્શન પણ લખી આપતાં હોય છે. તુલસીનાં છોડ વિશે કહીએ તો એક સાધારણ મોટા પાંદડા વાળુ અને એક મીડીયમ (નાનું) અને એક રામ તુલસી પણ આવે છે.

ભારતમાં હિન્દુ તહેવાર એક પોતાનામાં આગવી સ્થાન ધરાવે છે અને માનવા મનાવા તેમજ ઉજવવા પાછળ પણ એક આધ્યાત્મિક મહત્વ છે. અને હરએક તહેવાર સહુને એક સૂત્રમાં બંધાવવાનું સંકેત આપે છે.
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (ઉદયપુર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N. O, G. S. S. No. 0102.**
વિષય :-તુલસી વિવાહ.
શીર્ષક:- તુલસી વિવાહની ઉજવણી.
પ્રકાર:- ગદ્ય લેખ , શબ્દસંખ્યા:-૨૨૦.

પુરાતન કાળમાં જલંધર નામનો એક રાક્ષસ થઈ ગયો. તેની પત્ની વૃંદા નામની સતીસ્ત્રી હતી . તેને કારણેજ તેનું બળ વધી ગયુ હતુ. તે દેવોને અને તમામ લોકોને ભારે હેરાન પરેશાન કરતો હતો. બધાએ સાથે મળી ભગવાન વિષ્ણુને તેના સંહાર માટે વિનંતી કરી. ભગવાને જલંધરનું સ્વરૂપ ધારણ કરી અને તેની પત્ની વૃંદાના સતીત્વનો ભંગ કર્યો અને જલંધરનું મૃત્યુ થયું. આ ઘટનાની જાણ વૃંદા ને થતા વૃંદાએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો ત્યારથી ભગવાન વિષ્ણુ શાલીગ્રામ બની ગયા.

. ભગવાન વિષ્ણુએ વૃંદાને આવું કરવા માટેનું કારણ બતાવ્યું , વૃંદાને પણ ખાતરી થઈ ગઈ અને ભગવાને કહ્યું કે હું તારી સાથે લગ્ન કરીશ. વૃંદા એ ત્યારથી તુલસીના નામે ઓળખાવા લાગી, અને ત્યારથી ભગવાન શાલીગ્રામ અને તુલસીના લગ્ન કારતક મહિનાની સુદ એકાદશીના દિવસે દર વર્ષે દરેક મંદિરોમાં કરવામાં આવે છે.

તુલસી વિવાહ ખાસ કરી અને દ્વારકામાં તેમજ બેટ દ્વારકાધીશ મંદિરમાં રાજાશાહી ધાર્મિક વિધિથી બંને પક્ષના યજમાનો દ્વારા લગ્ન થાય છે. મંદિરને સુશોભિત કરાય છે. ભગવાનને સુંદર વસ્ત્ર અલંકારો ધારણ કરાવવામાં આવે છે. અન્નકૂટ થાય છે . જાનના જમણ થાય છે .

જે લોકો આ તુલસી વિવાહ કરાવે છે અને વિધિમાં સીધી કે આડકતરી રીતે સામેલ થાય છે તેઓના આધિ, વ્યાધી અને ઉપાધિ દૂર થાય છે. ધન, ધાન્ય અને સંપત્તિની પ્રાપ્તિ થાય છે. ભગવાનની તેની ઉપર કૃપા બની રહે છે અને માટે જ હજારો વર્ષોથી તુલસી વિવાહની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG Ss NO 352**
વિષય તુલસીવિવાહ
શિર્ષક તુલસી
પ્રકાર ગદ્ય શબ્દો:- ૨૮૮

★તુલસી★

કારતક સુદ અગિયારસ તુલસી વિવાહની તિથિ છે. સંધ્યા ટાણે ભગવાન વિષ્ણુ સાથે તુલસી વિવાહ કરવામાં આવી છે. જે લોકોને પુત્રી ન હોય તેઓ શ્રદ્ધાપૂર્વક ★તુલસવિવાહની★ ઉજવણી કરે છે. તો કન્યા રત્ન એટલે કે દીકરી જન્મે છે. આ એક શ્રદ્ધા છે. ઈન્દ્રનો ગર્વ ઉતારવા ભગવાન શંકરે " જલંધર" ને ઉત્પન્ન કર્યો. ઈન્દ્રના અપમાનને કારણે શંકર ભગવાનની ક્રોધ ઉત્પન્ન થયો, તેની ભ્રમર પરથી પ્રસ્વેદ બિંદુમાંથી જલંધરની ઉત્પત્તિ થઈ. તેનો પાણીમાં જન્મ થયો હોવાથી તેનુ નામ જલંધર પાડવામાં આવ્યો.તે સમુદ્ર પર પોતાનું શાસન માનતો. આસુરી વૃત્તિ ધરાવતા જલંધરે દેવોને ત્રાસ આપવાનું શરૂ કર્યું. તેની પત્ની કાલનેમીની પુત્રી વૃંદા હતી અતિ શીલવાન હતી, અને બ્રહ્માએ જલંધરને વરદાન આપેલું કે જ્યાં સુધી તેની પત્ની વૃંદા શીલવાન અને સંયમી રહેશે ત્યાં સુધી જલંધર અમર રહેશે.. તે સમયે વૃંદા તેના અસ્તિત્વ માટે પ્રખ્યાત હતી અને તેના સતીત્વનીના પ્રભાવથી દેવો પર વિજય મેળવી શંકરના વરદાનનો જલંધર દુરુપયોગ કરવા લાગ્યો. દેવોએ જલંધરને મારવા વૃંદાને ચલિત કરવાનું બીડું ઝડપવા વિષ્ણુ ભગવાનને વિનંતી કરી. વિષ્ણુ ભગવાને સ્વયં જલંધરનું રૂપ લઈને વૃંદા પાસે ગયા અને તેને ચલિત કર્યા. જ્યારે આ કપટની જાણ વૃંદાને થઈ ત્યારે તેણે વિષ્ણુને શાપ આપ્યો કે "તું પથ્થર થઈ જા ". સામે પક્ષે વિષ્ણુએ પણ શ્રાપ આપ્યો કે હું પથ્થર થઈ જઈશ તો તારે વનસ્પતિ 'તુલસી' થવું પડશે. ભગવાને તેની પવિત્રતાથી આકર્ષિત થઈને વચન આપ્યું કે દર વર્ષે વૃંદા સાથે હું લગ્ન કરીશ. અને પોતાને ધરાવેલ પ્રસાદ ઉપર તુલસી પાત્ર ન હોય તો તેનો સ્વીકાર નહીં કરું.

આ કથા સર્વત્ર જાણીતી છે. જે તુલસી વિવાહથી પ્રખ્યાત છે. દેવો જલંધરના ત્રાસમાંથી મુક્ત થયા એની ઉજવણી રૂપે દેવદિવાળી કહેવાય છે.

શોભના ભટ્ટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO : 0089**
વિષય : તુલસી વિવાહ
શીર્ષક : આંગણાંની શોભા
પ્રકાર : ગદ્ય - શબ્દો :૧૨૩

---

ઘરના આંગણની શોભા ''તુલસી
આભાર - નિહારીકા રવિયા કયારો '' . ઘરમાં રહેતા વ્યક્તિની વણ કહે પહેચાન. કારતક સુદ એકાદશીને દિવસે તુલસી વિવાહનું પર્વ ખૂબ સુંદર રીતે ઉજવવામાં આવે છે.
વૈષ્ણવો ઘરમાં આ પર્વ ધામધુમથી ઉજવી પ્રસંગ દીપાવે છે. મંદીરમાં તેની ભવ્યતા અવર્ણનીય છે.
સતી વૃંદાને , તુલસી રુપ ધારણ કરવું પડ્યું ત્યારે ભગવાન વચનથી બંધાયા કે દર વર્ષે હું તારી સાથે લગ્ન કરીશ .
તુલસીને આગવું સ્થાન આપ્યું . ઠાકોરજીની સામગ્રીમાં તુલસી દળ પધરાવવું અનિવાર્ય છે.
દેવ દિવાળીના નામે પણ આ દિવસ પ્રચલિત છે.
એકાદશી કરી ભગવાન સાથે તુલસીના વિવાહ થાય છે. શેરડીના સાંઠાનો મંડપ સોહી ઊઠે છે.
ઘણે ઠેકાણે વરપક્ષ અજવાળાં વરઘોડો કાઢી તુલસીને આંગણે આવે છે.

પ્રવિણા કડકિઆ .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'તુલસી વિવાહ'
શીર્ષક :- 'ગૃહસ્થ ધર્મનો માર્ગ '
પ્રકાર :- પદ્ય (લગ્ન ગીતનો રાગ) (શબ્દો :- ૧૨૪)

ઋતુ હેમંત ને એકાદશી આવી, મારે આંગણિયે મંડપ રોપાણા,
તુલસી ને વિષ્ણુના લગ્ન લખાણા, હોંસે પધારો સૌ સૈયરૂં મારી.

સોળે શણગાર સજી પાટે બેસાડ્યા, પીઠી ચોળી ને રૂપ નિખાર્યા,
વૈકુંઠથી જાન આવી, પડઘમ વાગે, શિવજી ને બ્રહ્મા થૈ થૈ નાચે.

સ્વર્ગને સાથે લૈ ઈન્દ્રદેવ આવે, સૂરજની સાથે રન્નાદે પધાર્યા.
રેશમી પાનેતર ને ચૂડલો સોહે, મુકુટમણી હાથે મહેંદી શોભે.

તુલસીની માતા વિષ્ણુને પોંખે, ગોર બ્રહ્માજી વેદ મંત્ર બોલે,
શુભ ઘડીએ કન્યા દાન દીધા, સાત ફેરાના મંગળ ગવાયા.

સપ્તપદી ને કુંકુમના પગલાં, જમક દીવડાના તેજ પ્રકાશે,
પંચ તત્વની કોડીએ રમિયા, પ્રકૃતિ-પુરુષના મિલન થયા છે.

સાજન-માજનને અમૃતસા ભોજન, દેવો-માનવને પ્રેમે જમાડ્યા,
કન્યા વિદાયની વેળા આવી, 'સ્વજન' સહેલીની આંખો ભરાઈ,

તુલસી ને વિષ્ણુ ગુરુડે ચડીને, વૈકુંઠ પધાર્યા વિવાહ કરીને,
ગૃહસ્થ ધર્મનો મારગ બતાવે, તુલસી વિવાહને સંસારી સમજો.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' જૂનાગઢ.

# ગલૂડિયાની વહેંચણીનો મામલો ઉપલી કોર્ટ સુધી જશે???

ગળામાં શ્વાનનો પટો પહેરી એક હાથમાં એનો છેડો રાખી,મોં ખુલ્લું રાખી જીભ બહાર લબડાવી હાંફતાં હાંફતા, લાળ ટપકાવતા ટપકાવતા રાજુ રદીએ મારા ઘરમાં એન્ટ્રી લીધી.દરવાજા પાસે પગ ઉંચો કરી કામ પતાવ્યું.

આપણે શૈશવમાં સાંભળેલી કવિતાની પંક્તિ લલકારી.

" કાળુડી કૂતરીને આવ્યા ગલૂડિયા ચાર કાળા ચાર રાતા જી રે!!"

" રાજુ આ બધું શું છે? ડોગ લુક ને ડોગની કવિતા. "

"ગિરધરભાઈ. તમને ખબર છે કે ગામડાંગામમાં શેરીની કૂતરી બેજીસોંતી થાય એની ખુશી શેરીની તમામ બહેનોને થાય. માનો ખુદ સગર્ભા થઇ હોય કે પોતાની પુરી પ્રેગ્નેન્ટ થઇ હોય કે પ્રથમ પ્રસુતિ માટે પિયર કે મહિયર આવી હોય એવો તાલ થાય. જો કે દીકરીની જેમ વારંવાર સોનોગ્રાફી કે મેડીકલ ચેકઅપ ન થાય કે વિટામિન્સ, ફોલિક એસિડ ટેબ્લેટસ,કે સિરપની વ્યવસ્થા ન હોય!" રાજુએ વિસ્તૃત અહેવાલ આપ્યો!!

" રાજુ. તારી વાત સાચી છે. સગર્ભા શ્વાની ( શ્વાનનો નારીવાચક શબ્દ) ને ઠીબડીમાં સવાર-સાંજ ખાસ દૂધ પીરસવામાં આવે. બે રોટલા વધુ આપવામાં આવે. રાત્રે ઠંડી ન લાગે એટલે શણના કોથળાનો બ્લેન્કેટ ઓઢાડવામાં આવે. કૂતરી વિંયાય ( અરે કોન્વેન્ટિયાઓ વિંયાય એટલે બચ્ચાંને બર્થ આપે- તમારી ભાષામાં ડિલિવરી ડયુડ!!)એટલે ઘરે ઘરેથી લોટ, ગોળ, ઘી ઉંઘરાવી શીરો બનાવી સદ્યપ્રસુતા શ્વાનીને ખવડાવવામાં આવે! આવો લ્હાવો પેટ ડોગ્ઝને મળે નહીં!!" મેં પણ રાજુના કૂતરી પ્રસુતિ પુરાણમાં સુર પુરાવ્યો!!

" ગિરધરભાઇ. કૂતરીના ગલૂડિયાંની વહેંચણીમાં હુંસાતુસી થતી. બે દિવસ ગળે સૂતળી કે કાથીનો પટો બાંધી ટોમીને ફેરવે અને પછી ટોમી અનાથ થઇ જાય" રાજુએ મમરો મુકયો.

"રાજુ. અમદાવામાં આવી જ ગલૂડિયાંની વહેંચણીમાં બબાલ થઇ. કૂતરાંની ૨૦૦ નસલ છે. એમાંની એક પગ (ँफ्ल) જાતિ છે. અસલમાં ચીનથી તેની ઊત્પતિ થઇ છે.તેને ગ્લોસી ફરના કોટ જેવી ચામડી હોય છે! તે લાઇટ બ્રાઉન,કાળા રંગના હોય છે.મોંઢુ કાળા રોજનું હોય છે. હાઇટ ઓછી હોય છે. પગ પ્રજાતિના કૂતરાંની ઉંચાઇ ઓછી હોય છે" મેં રાજુને માહિતી આપી.

" પગ પ્રજાતિના શ્વાન? હાથ પ્રજાતિના કૂતરા પણ આવતા હશેને?" રાજુએ ટીંગલ કરી!!" રાજુ કૂતરાંની ૨૦૦થી વધુ પ્રજાતિ છે. અમેરિકન એસ્કિમો,બુલડોગ,જર્મન શેફર્ડ,લાબ્રાડોર,પુડલ,ગોલ્ડ રીટ્રાઇવર,સાઇબીરન હસ્કી,ડચશુંડ,ચીહૌહુવા, પગ,પોમેરિયન,શીહ-ટી-ઝુ, રોટીવેઇલર,બરિનીઝ માઉન્ટેન,ગ્રેટ જાને,બોર્ડર કુલી,પેપેલીયન, શેલ્ટી,બ્લડહોઉન્ડ,યોર્કશાયર ટેરિયર વગેરે .કૂતરાંનું મુખ્યત્વે વર્ગીકરણ ૭ છે. વક'ગ, હેડ'ગ,ટોય, હાઉન્ડ,સ્પોટ'ગ, નોન સ્પોટ'ગ,અને ટેરિયર. આમાં હાથ જાતિના કૂતરાંનો સમાવેશ થતો નથી.!!" મેં રાજુની ટીખળનો જવાબ આપ્યો!!

" ગિરધરભાઇ . અમદાવાદમાં એક ભાઇ અને બીજા ભાઉએ પગ જાતિના નર અને માદા શ્વાન બ્રિડિંગ સેનેટરમાં મુક્યા. ભાદરવાની કે વિજાતીય આકર્ષણની અસર હશે તે તો શ્વાન જાણે! બંનેએ સમાગમ કર્યો. તેમને ચાર ગલૂડિયા થયા. ગલૂડિયાંની વહેંચણી માટે શ્વાનખત( સાટાખત જેવો દસ્તાવેજ) , કુલમુખત્યારનામું, સોત્રાગદનામું, વસિયત, વહેંચણી યાદી કરેલી નહીં. એક ભાઇને એક ગલૂડિયું જોઈતું હતું. તેના ભાગે આવતું ગલૂડિયું રાખવું ન હતું, વહેંચવું ન હતું, વેંચવું ન હતું. જર, જમીન, જોરૂ, જણતર, સોના, ચાંદી, માલમલીદાની વહેંચણી માટેના દાવા અદાલતના દ્વારે પહોંચતા હતા. પહેલીવાર ગલૂડિયાંની વહેંચણી માટે અદાલતના દરવાજા નોક નોક થયા. જાહેર જનતાના હિત માટે કોઇ પીઆઇએલ કરે કે કોઇ ક્ષુલ્લક બાબતે કોર્ટ કેસ થાય તો જજ માઇ બાપ નારાજ થાય, તીખા તેવર અપનાવે, લાલ આંખ કરી( લાલ આંખ પણ પેચીદી બાબત છે.આંખમાં મિકેનિકલી ગોઠવણ હશે કે જરૂરત મુજબ આંખ લાલ થાય. લાલ થયેલી આંખ નોર્મલ કેટલા સમયે થતી હશે? અમને આની જિજ્ઞાસા છે!)સખત શબ્દોમાં અરજદારની ઝાટકણી કાઢે, સરકાર સહિતનાને દંડ ફટકારે અને કોર્ટના કિંમતી સમયનો હવાલો આપી ,કોર્ટનો સમય ન બગાડવા હિદાયત આપે!! એ કોર્ટે પગ જાતિના કૂતરાંના ગલૂડિયા વહેંચણીનો કેસ દાખલ કર્યો અને સુનાવણી પણ કરી. આ કેસમાં કોર્ટના અતિકિંમતી સમયની લગારે બરબાદી ન દેખાઇ,લો બોલો. પક્ષકારોને સમાધાન કરવા સલાહ આપી. જજ સાહેબ સમાધાનના તમામ રસ્તા બંધ થયા એટલે તમારી પાસે નિર્ણય માટે આવ્યા હતા . સમાધાનના ફીફા ખાંડવાના બદલે ન્યાય કે નિર્ણય કરોને. જેના માટે તમને સેલરી ચુકવાય છે. પ્લીલીલીઇઝ જજ સાહેબ"રાજુએ આજીજી કરી . લાગે છે ક આ મામલો ડિવિઝન બેંચ, સુપ્રિમ કોર્ટ, ઇન્ટરનેશનલ કોર્ટ સુધી તુલ પકડશે!!!

ભરત વૈષ્ણવ

# ગુજરાત મીડિયા ક્લબ આયોજિત 'ભારતકૂલ' કાર્યક્રમનો અમદાવાદમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ભાવ, રાગ અને તાલના સંગમ એવા 'ભારતકૂલ' મહોત્સવનો પ્રારંભ કરાવતાં કહ્યું કે દેશ અને રાજ્યની કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતાં આવાં આયોજનો દેશના યુવાનોને ગુલામીની માનસિકતામાંથી બહાર લાવવામાં મહત્વનું યોગદાન આપે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે કોલ આપ્યો છે તેને સાકાર કરવા માટે 'અમૃતકાળ'ને સાચા અર્થમાં 'કર્તવ્યકાળ' તરીકે ચરિતાર્થ કરવા સૌને સાથે મળીને પ્રતિબદ્ધ થવા મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું.

ગુજરાત મીડિયા ક્લબ દ્વારા આયોજિત 'ભારતકૂલ' કાર્યક્રમના પ્રારંભે સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ભાવ' વિશે વાત કરતા કહ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં 'ભાવ'નું વિશેષ મહત્વ રહેલું છે. 'ભાવ' થી વ્યક્તિ અને વ્યક્તિત્વ બેય બદલાઈ જતા હોય છે. ત્યારે અહીં તો ભાવ-તાલ-રાગનો ત્રિવેણી સંગમ થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'અમૃતકાળ'ને સાચા અર્થમાં 'કર્તવ્યકાળ' ગણાવ્યો છે, ત્યારે આપણે પણ વર્તમાન સમયને કર્તવ્યકાળ તરીકે સ્વીકારીશું, તો જ 'વિકસિત ભારત'ની સંકલ્પના સાકાર થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંસ્કૃતિ વિશે વાત કરતાં જણાવ્યું કે આપણી સંસ્કૃતિ અને ઈતિહાસને હરહંમેશ જિવંત રાખવી જોઈએ. આ પ્રકારના કાર્યક્રમો યુવા પેઢીને આપણી સંસ્કૃતિ, કલા અને ઈતિહાસ સાથે જોડશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ પણે જણાવ્યું કે, યુવા પેઢીને આપણી સનાતન સભ્યતાના મૂળતઃ મૂલ્યોનો પરિચય થાય તે પણ અત્યંત જરૂરી છે. જેમ ઘટાદાર વૃક્ષ માટે ઊંડા અને મજબૂત મુળ હોવા જરૂરી છે તેમ સંસ્કૃતિ સંસ્કાર અને વિરાસતના જતન સંવર્ધનને સંગીન બનાવવા તેની સાથે યુવા શક્તિનું જોડાણ પણ આવશ્યક છે તેની વિસ્તૃત ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પ્રેસ મીડિયાની કામગીરીને બિરદાવતા કહ્યું કે મીડિયાનો 'ભાવ' સમાજ માટે સારું કરવાનો હોય છે માટે માધ્યમોની સાચી ટીકાઓને વિશાળ લોકહિતમાં ધ્યાને લઈ, આપણે કાર્ય કરવું જોઈએ. કારણ કે, સરકાર અને માધ્યમો- બંનેનો હેતુ આખરે તો લોકકલ્યાણનો જ છે.

મુખ્યમંત્રીશ્રીએ સૌને સાથે મળીને આપણી સંસ્કૃતિ અને વિરાસતને જિવંત રાખીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા પ્રતિબદ્ધ થવા આહ્વાન કર્યું હતું.

આ તકે ગૃહ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ 'ભારતકૂલ' કાર્યક્રમ દ્વારા આજની યુવા પેઢીને ભારત, ભારતીય સંસ્કૃતિ અને ભારતીય વિચારો અંગે ઊંડી સમજ આપતાં આયોજન બદલ આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ઉમેર્યું કે ભારતીય સંસ્કૃતિ, કલા અને સંગીતને ઉજાગર કરવા માટે રાજ્ય સરકાર તત્પર છે, અને ભારતકૂલ દ્વારા ચાર દિવસ સુધી ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રનિર્માણને લગતા વિવિધ વિષયો પર કાર્યક્રમોનો વધુમાં વધુ યુવાનોને લાભ લેવા અપીલ કરી હતી.

શ્રી સંઘવીએ કહ્યું કે આપણી યુવા પેઢી ગુજરાતની સંસ્કૃતિની સાથે સાથે ભારતના વિવિધ રાજ્યોને જોડી તે રાજયોની ધરોહર અને સંસ્કૃતિ વિશે લોકોને માહિતગાર કરી શકે તેવા કાર્યક્રમો સતત થતા રહે, જેથી એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થાય તેવી ભાવના તેમણે પ્રગટ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત મિડિયા ક્લબના પ્રમુખ શ્રી નિર્ણય કપૂરે સંસ્થાનાં કાર્યો તથા 'ભારતકૂલ' કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી, આ આયોજનને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતું માધ્યમ ગણાવ્યું હતું.
આ તકે મુખ્યમંત્રીશ્રી તથા ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કાર્યક્રમ સ્થળે આયોજિત શિવકથા તેમજ ફોટોજર્નલિસ્ટ્સ દ્વારા આયોજિત પ્રદર્શનની મુલાકાત પણ લીધી હતી.

ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

આવો,
સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક

## બિરસા મુંડાજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવીએ





# જનજાતિય ગૌરવ દિવસ

## આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

**પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA JGUA) અંતર્ગત**

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશના ૩૧ રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશના ૧૦૦ જિલ્લાઓ સાથે વર્ચ્યુઅલી જોડાશે
અને લાભાર્થીઓ સાથે કરશે સીધો સંવાદ

માનનીય રાજ્યપાલશ્રી

**આચાર્ય દેવવ્રતજી**ની

અધ્યક્ષતામાં

**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,

**સ્થળઃ** સ્વામિનારાયણ મંદિર, નેત્રંગ-ઝંખવાવ રોડ, તાલુકોઃ નેત્રંગ, જિલ્લોઃ ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

**તથા**

**રાજ્યકક્ષાનો કાર્યક્રમ**

માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની

ગરિમામયી ઉપસ્થિતિમાં

**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,

**સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, તાલુકોઃ આહવા, જિલ્લોઃ ડાંગ ખાતે યોજાશે

**ભારત સરકારના આ કાર્યક્રમનું રાજ્યકક્ષા ઉપરાંત અન્ય ૧૦ જિલ્લાઓ (વલસાડ, નવસારી, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, સાબરકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ)ના ૧૦ સ્થળો ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવશે**

**અતિથિ વિશેષ**

| **ડૉ.કુબેરભાઈ ડીંડોર** | **શ્રી કુંવરજીભાઈ હળપતિ** | **શ્રી ધવલભાઈ પટેલ** | **શ્રી વિજયભાઈ પટેલ** |
|---|---|---|---|
| માન. મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગુજરાત સરકાર | માન. રાજ્યકક્ષાના મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર અને પ્રભારી મંત્રી, ડાંગ જિલ્લો | માન. દંડક, લોકસભા અને સંસદસભ્ય, વલસાડ-ડાંગ | માન. નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય, ડાંગ |

**ગુજરાતમાં જનજાતિય સશક્તિકરણ થકી વિકસિત ભારતના નિર્માણને મળશે વેગ**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.